# <u>ફો.પ.અ.નં. ૨૦/૨૦૨૫ માં આંક–૧ લગત હુકમ</u>

હાલની અરજી વાળો કેસ ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ –૧૨,૧૮,૨૦ મુજબ દાખલ કરવામાં આવેલ છે. અરજદારપક્ષ તરફથી આંક–૦૭ થી વીથડ્રો પુરસીસ રજુ કરવામાં આવેલ છે. જે પુરસીસમાં જણાવવામાં આવેલ છે કે ઉપરોકત કામે આ કામના અરજદાર અને સામાવાળા વચ્ચે વડીલોના સમજાવવાથી ઘરમેળે સમાધાનના અંતે છુટાછેટા થઈ ગયેલ હોય તેથી અરજદારને હવે કોઈ મનદુ:ખ કે તકરાર સામાવાળાઓ સામે રહેતી નથી. તેથી અમો અરજદાર હવે કોઈ કેસ આગળ ચલાવવા માંગતા નથી તેવી જાણ અરજદારે અમો વકીલશ્રીને કરેલ હોય તેથી ઉપરોકત કેસ ફાઈલે કરવા વિનંતી. સદરહું કેસ લોક અદાલતમા ફેંસલ કરવામા આવે તો વાંધો નથી જે હકીકત આ વિથડ્રો પુરસીસથી જાહેર કરીએ છીએ.

આમ, અરજદાર અરજી આગળ ચલાવવા માંગતા નથી અને હાલની અરજી વીથડ્રો કરતાં હોય જેથી સદરહું પુરસીસ તથા તે લગત હુકમ અન્વયે હાલની અરજી વીથ ડ્રોથી ફેંસલ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તા.૧૪** માહે–**માર્ચ**, સને **૨૦૨૬**, ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
ઓખામંડળ.

**(પંકજકુમાર શ્રીકૃષ્ણમુરારી રાય)**
જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ઓખામંડળ.
(કોડ નં.જી.જે.૦૧૪૫૦)